Chap-5

# પ્રકરણ - ૫

## ઉપસંહાર

ટૂંકી વાર્તાનું સ્વરૂપ ખૂબ જ ચુસ્ત છે. એના રૂપને ઘડનારાં ઘટકતત્ત્વોએ વિશદ સંશોધનો માટે અવકાશ સરજ્યો છે. પાત્ર, ઘટના, કથક, કથાવસ્તુ વગેરેની જેમ ટૂંકી વાર્તાના અનિવાર્ય ઘટકતત્ત્વ તરીકે 'પરિવેશ'ની પણ આગવી મહત્તા છે. પશ્ચિમમાં સેટિંગ, લોકેશન, બેકગ્રાઉન્ડ, પ્લેસ, લેન્ડસ્કેપ વગેરે તરીકે સંસ્કૃતમીમાંસામાં ઉદ્દીપન વિભાવ તરીકે અને ગુજરાતી વિવેચનમાં વાતાવરણ, સ્થળસંદર્ભ, પૃષ્ઠભૂ, વર્ણન, ભૌગોલિક પરિસ્થિતિ, સ્થળ-કાળ, પશ્ચાદ્દભૂ, ચિત્રાંકનો વગેરે તરીકે ઓળખાતો પરિવેશ ટૂંકી વાર્તાના ઘટકતત્ત્વ તરીકે ચર્ચાતો રહ્યો છે. એ રીતે પરિવેશ કૃતિનું અનિવાર્ય ઘટક બને છે. જે પોતાનું ચોક્કસ કાર્ય સિદ્ધ કરવા કૃતિમાં આવે આવે છે.

વેદો, પુરાણો, કામશાસ્ત્ર અને રસશાસ્ત્રની આગામી મીમાંસા તથા ટીકાઓમાં પરિવેશના કાર્ય અંગે નોંધ લેવાઈ છે. પાશ્ચાત્ય વિવેચનોમાં પણ પરિવેશ (setting)ની ચોક્કસ કાર્યસાધકતા સૂચવાઈ છે. ગુજરાતી વિવેચનમાં નવલરામ, રામચંદ્ર શુક્લ, ધૂમકેતુ, રા.વિ.પાઠક, ચુનીલાલ મડિયા, સુન્દરમ્, ઉમાશંકર જોષી, ચન્દ્રકાન્ત ટોપીવાળા, રઘુવીર ચૌધરી, વિજય શાસ્ત્રી, શિરીષ પંચાલ, પ્રવીણ દરજી, પ્રમોદકુમાર પટેલ, નરેશ વેદ, વિદ્યુત જોષી, સુમન શાહ, નટવરસિંહ પરમાર, જોસેફ પરમાર, મણિલાલ હ.પટેલ, રાધેશ્યામ શર્મા, જયેશ ભોગાયતા, કિશોર જાદવ, શરીફા વિજળીવાળા વગેરે વિવેચકોએ એકમતે ટૂંકી વાર્તામાં પરિવેશની અનિવાર્યતા અને સાભિપ્રાયતા બંને ગુણોને સ્વીકાર્યા છે. નોંધનીય છે કે સમાજ અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખનારી વિવેચના અને કૃતિના રૂપને ખૂબ જ તટસ્થતા પૂર્વક તપાસનારી વિવેચના આ બંને પરંપરાઓ વિવેચનના આરંભગાળાથી ચાલી આવે છે. એ બંને પ્રવાહોએ  કૃતિના અંગભૂત ઘટક તરીકે પરિવેશનો ખપ પૂરતો વિનિયોગ થાય તો જ કૃતિ ખરેખર સર્જાય છે. એમ સ્વીકાર્યું છે.એટલે કે પરિવેશની બાબતમાં કશી બાંધછોડ ન હોવી જોઈએ એમ સિદ્ધ થયું છે. એ અંગે કશો વિવાદ પણ આપણા વિવેચન સાહિત્યમાં સર્જાયો નથી. આ માટે વિવેચનમાં પરિવેશની કાર્યસાધકતા માટે જાતિ સાભિપ્રાયતા, અનિવાર્યતા, કાર્યક્ષમતા, પ્રાદેશિકતા, કૃતિક્ષમતા, નિયામકતત્ત્વ, કલાવિવેક, કલાસૂઝ, વંધ્યતા, ફેશન પરકતા, યોગ્યતા, વ્યંજકતા જેવી સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. આ રીતે

પરિવેશનું ઘટકતત્ત્વ તરીકે મહત્ત્વ અંકાયું છે. પરંતુ તેના વિશે વિસ્તૃત અભ્યાસો બહુ જૂજ પ્રમાણમાં થયા છે.

ગુજરાતી ટૂંકી વાર્તાના મૂળમાં જઈએ તો અનેક પ્રાચીન કથા સ્વરૂપો મળે છે. આદિકાળથી માનવ પ્રકૃતિમાં કશા આશ્વાસનો ખોળે છે કશી જીવનતત્ત્વની શોધ કરે છે. પરિણામે પ્રકૃતિનાં તમામ તત્ત્વોને કલામાં ઉતારે છે. કથાતત્ત્વમાં પણ આરંભથી જ પ્રકૃતિમાં વેરવિખેર સામગ્રીનું પોતાના કથમાં વણી લેવું અને એ રીતે કથનને ચોક્કસ ઓપ આપવો એ માનવ સ્વભાવ રહ્યો છે. એટલે હજારો વર્ષ પૂર્વેનાં ગુફાચિત્રોથી માંડીને વેદકાળ સુધી માનવસર્જિત અને નૈસર્ગિક તત્ત્વોનો વિનિયોગ જરૂરીયાત મુજબ થતો રહ્યો છે. ગુજરાતી ટૂંકી વાર્તાના આરંભે સ્થળ સર્જવા માટે થતાં આછાં વર્ણનો ધૂમકેતુ અને તેમના સમકાલીન વાર્તાકારોમાં પાત્રો અને પરિસ્થિતિઓને સ્થળ સઘનતા આપવા માટે પ્રયોજાય છે. ત્યારબાદ રા.વિ.પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ્, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, સુધી સામાજિક પ્રશ્નોને વાચા આપતો ગ્રામીણ સ્થળ પરિવેશ વધારે આલેખાયો. જયંતિ દલાલ, જયંત ખત્રી, ચુનીલાલ મડિયા, બકુલેશ અને કેતન મુનશીમાં ભાવની સઘનતા જોવા મળે છે. તેઓની વાર્તાઓમાં પરિવેશ વધુ સૂક્ષ્મતાથી પ્રયોજાય છે. માનવસંવેદનોનો સ્પર્શ પરિવેશ વડે થાય છે. આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં દેશનો વર્તમાન અને વિદેશી સાહિત્યનું ભાવન ટૂંકી વાર્તાને વધુ ચુસ્ત રૂપ તરફ લઈ જાય છે પરિણામે સુરેશ જોષી, ચન્દ્રકાન્ત બક્ષી, ઘનશ્યામ દેસાઈ, ભૂપેન ખખ્ખર, જ્યોતિષ જાની, સુમન શાહ, મહેશ દવે વગેરે સર્જકો દ્વારા નગર પરિવેશને માનવઅસ્તિત્ત્વના વેદનાના જનક તરીકે પ્રયોજે છે. તો મધુ રાય, કિશોર જાદવ, સત્યજિત શર્મા, રાવજી પટેલ, સુધીર દલાલ, ચીનુ મોદી, રમેશ પારેખ વગેરે સર્જકો ચિત્તના મનોસંચલનોના આલેખન તરફ ટૂંકી વાર્તાને વાળે છે. ટૂંકી વાર્તાનું લાઘવ એ માટે વધુ અનુકૂળ બન્યું છે. અહીં ભાષા દ્વારા જ ચિત્તના સંચલનોનું આલેખન થયું હોવાથી તેઓ કલ્પનો, વિશિષ્ટ ઉપમાઓ, કલ્પન શ્રેણિઓ, કપોળકલ્પિત સૃષ્ટિઓ, પ્રતીકો વગેરે પ્રયુક્તિઓ યોજે છે. જેમાં વિશિષ્ટ પ્રકારની નિરૂપણ ભાષામાં વણાયેલો પરિવેશ અનુભવાય છે. આ ઉપરાંત આધુનિક માનવસંવેદનના આલેખન માટે પૌરાણિક કથાનકો અને કથનરીતિઓનો પણ આધાર લેવાયો છે. આ રીતે આધુનિકતાના ગાળામાં પરિવેશ નિરૂપણની તમામ શક્યતાઓને વિનિયોગ કરવાના પ્રયાસો થયા છે.

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશ બાહ્ય વાતાવરણમાંથી આવે છે. વિવિધ વર્તુળોમાં વહેંવાયેલું ગુજરાતી સાહિત્ય ટૂંકી વાર્તામાં પણ અનેક પ્રકારના પરિવેશ નિરૂપણથી વિભાજીત થાય છે. અહીં સ્થળ તરીકે ગ્રામીણ પરિવેશ અને નગર પરિવેશ બંને છે. ગ્રામીણ

પરિવેશમાં ખેતી, રહેઠાણો, પશુપાલન, સીમ, ફળિયાં, ઉત્સવો, પરંપરાઓ, જાતિઓ, વિભાગો, ધાર્મિક માન્યતાઓ, વેર-ઝેર, કુટુંબો, પરિવારો, પેઢીઓ, ધંધા – રોજગાર વગેરે પરિવેશ રચે છે. આ પ્રકારના પરિવેશ નિરૂપણમાં મણિલાલ હ.પટેલ, મોહન પરમાર, રામચન્દ્ર પટેલ, ગોરધન ભેંસાણિયા, મોના પાત્રાવાલા, નાઝીર મનસૂરી વગેરેની વાર્તાઓ મળે છે. નગરપરિવેશમાં ઓફિસ, સોસાયટી, બજારો, મોલ, કમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ, પરિવાર, એપાર્ટમેન્ટ વગેરે સ્થળ પરિવેશ રચે છે જેમાં સુમન શાહ, અનિલ વ્યાસ, રમેશ ર.દવે, ભગવતીકુમાર શર્મા વગેરે વાર્તાકારોની વાર્તાઓ મળે છે.

આ સમયગાળામાં સામાજિક પરિવેશ રચતી ત્રણ પ્રકારની વાર્તાઓ મળે છે. દલિતચેતનાકેન્દ્રી, નારીસંવેદન નિરૂપતી અને વિચરતી વિમુક્ત જાતિની તથા આદિવાસી સમાજની ટૂંકી વાર્તાઓ. ત્રણેમાં જે તે વર્ગનો આગવો પરિવેશ તો છે જ પરંતુ એમની આગવી નિરૂપણરીતિઓ પણ છે. અવનવા કથકો પણ મળે છે. દલિત ચેતનામાં જાતિના કારણે પિડીત લોકોનો પરિવેશ છેંમાં હરીશ મંગલમ્, મોહન પરમાર, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, ધરમાભાઈ શ્રીમાળી, રાઘવજી માધડ, દશરથ પરમાર વગેરેની વાર્તાઓ મળે છે. નારી સંવેદન નિરૂપતી વાર્તાઓ અનુઆધુનિકતામાં વધારે મળી છે. પરિવાર, સમાજ અને કુટુંબવ્યવસ્થાઓનો પરિવેશ રચતી આવી વાર્તાઓ હિમાંશી શેલત, બિંદુ ભટ્ટ, ધીરુબહેન પટેલ, સરોજ પાઠક, કુન્દનિકા કાપડિઆ, તારિણીબહેન દેસાઈ વગેરે પાસેથી મળે છે. વિચરતી અને વિમુક્ત જાતિની વાર્તાઓ કાનજી પટેલ લઈ આવે છે. આદિવાસી સમાજની વાર્તાઓ પણ બહુ ઓછા પ્રમાણમાં મળે છે. આ બંનેમાં અરણ્યમાં જીવતા અને રઝળપાટભર્યું જીવન ગુજારતા સમાજનો પરિવેશ એમના ધંધા – રોજગાર – દમન - શોષણ અને રીતરિવાજો, પહેરવેશ વગેરે વડે સર્જાય છે.

અનુઆધુનિક સમયમાં સાંસ્કૃતિક પરિવેશ ધરાવતી વાર્તાઓ મળે છે જેમાં જેમાં પૌરાણિક, ઐતિહાસિક અને વૈજ્ઞાનિક પરિવેશની વિગતો વડે વર્તમાન જીવનના પ્રશ્નોનું નિરૂપણ થયું છે. પ્રાદેશિક બોલીઓ દ્વારા પણ પરિવેશ નિર્માણ થયું છે. અહીં જે તે પ્રદેશની વાર્તાઓમાં પ્રયોજાતિ બોલી, રૂઢિપ્રયોગો, ગાળો, લય – લહેકા, કહેવતો, ગીતોને ખપમાં લેવાયા છે જે પ્રાદેશિકતા સર્જવામાં કૃતિને મદદરૂપ થાય છે. તો ડાયસ્પોરા સાહિત્ય નામે ઓળખાતી વિદેશી પરિવેશની વાર્તાઓ પણ અનુઆધુનિક યુગમાં લખાઈ છે.

આ તમામ પ્રકારની વાર્તાઓમાં પરિવેશ કાર્યસાધક ઘટકતત્ત્વ બન્યો જ છે એમ પણ નથી અને પરિવેશ નિરૂપણનો અતિરેક જ થયો છે એમ પણ નથી. જ્યારે જે તે પરિવેશની વાર્તાને એના મૂળ

પરિપ્રેક્ષ્યમાં જઈને તપાસીએ ત્યારે એ નર્યા પરિવેશની જ થતી અનુભૂતિ પણ ત્યાં સાર્થક થયેલી જણાય છે. માત્ર કૃતિના કડક માપદંડોમાંથી આ વાર્તાઓને પસાર કરીશું તો અનુઆધુનિક વાર્તાઓમાં ઘણા પ્રશ્નો સર્જવાની શક્યતાઓ રહેલી છે. અહીં અનેક વર્તળો હોવાના પરિણામે જે તે વર્તળોના કેન્દ્રમાંથી એના ભાવને પકડીને એ કૃતિની તપાસ કરીએ છીએ ત્યારે એ વાર્તાઓના પરિવેશની ઘેઘૂર અનુભૂતિ પણ મૂળસંવેદનને જ સ્પર્શેલી જોવા મળે છે.

આમ સમગ્ર ગુજરાતી ટૂંકી વાર્તાવિશ્વમાંથી પસાર થતાં લાગે છે કે પરિવેશને તમામ સર્જકોએ એકસરખું મહત્ત્વ આપ્યું છે. વિવેચનોમાં એની યોગ્ય તપાસ – સમીક્ષાઓ – સંશોધનો થતાં રહ્યાં છે.પરંતુ જેમ અન્ય સાહિત્યમાં છે તેમ જ ટૂંકી વાર્તામાં પણ પરંપરાગત સમયમાં સ્થળ-કાળ પૂરો પાડતો પરિવેશ આધુનિક ગાળામાં મૂળસંવેદનને વધુ ગહન કરવા પ્રયોજાય છે સૂક્ષ્મ નિરૂપણ અને ભાષાના પ્રયોગોમાં વળે છે તો અનુઆધુનિકતાના સમયમાં અનેક પ્રકારના સંસ્કૃતિના ક્ષેત્રોમાં વહેંવાઈ જાય છે અને જે તે ક્ષેત્રનું પ્રતિનિધિત્ત્વ કરતો પરિવેશ જ ખપમાં લેવાય છે. પરંતુ વાર્તાનાં ઘટકો તો દરેક કાળે એના એ જ રહે છે. પાત્ર, પરિસ્થિતિ, કથક, વિષયવસ્તુ વગેરે...પરિવેશ આખરે તો આ તમામ ઘટકોનું સંયોજન સાધતું એક ક્રિયાશીલ પરિબળ જ દરેક સમયે બની રહે છે.